પ્રાંતિજ ખાતે કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા નવરાત્રીમાં વેશભુષા કાર્યક્રમ યોજાયો

સાંઇ બાબા, ક્રિકેટર, ડૉક્ટર, દર્દી, ભિખારી, સ્કુલ વિદ્યાર્થીઓ જેવા આબેહૂબ વેશભુષા સાથે ખૈલયાઓ ગરબે ઘૂમતા નજરે પડયા : મહાભારતના યુધ્ધ વખતે કુષ્ણ અર્જુન કથા આબેહૂબ

પ્રાંતિજ તા.૧૩ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકા માં જગત જનની માં જગદબા નું આરાધના પર્વ નવરાત્રી શ્રાધ્ધ ઉમંગ ભેર ઉજવાઇ રહી છે ત્યારે છઠ્ઠા નોરતે પ્રાંતિજ ખાતે રહેતા કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા વેશભુષા કાર્યક્રમ યોજાયો હતો જેમાં વિવિધ વેશભૂષા સાથે ખૈલયાઓ ગરબે રમતા જોવા મલ્યા હતાં. પ્રાંતિજ સહિત તાલુકા માં નવરાત્રી નો રંગ જામ્યો છે ત્યારે પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તાર માં આવેલ કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા સમાજ તથા અન્ય સમાજ તથા લોકોને સંદેશ આપતી થીમ પર ગરબા ની રમઝટ બોલાવતા નજરે પડયા હતાં અને સ્વચ્છતા તથા પ્લાસ્ટિક બેગ અંગે જન જાગૃતિનો પર્યાવરણનુ જતન સહિત આ પ્રયાસ ખરેખર અન્યો માટે પણ અનુકરણીય છે તો ભગવાન સાંઇ બાબા થી લઇને દેશ ના વિર શહીદો તથા ક્રિકેટર, ડૉક્ટર, દર્દી, પાગલ, ભિખારી, ભૂત, નેતાઓ તથા મહાભારત ના યુધ્ધ વખતે ભગવાન કુષ્ણ દ્વારા અર્જુન ને જે સમજાવવામા આવે છે તે આબેહૂબ કથાનો ક્ષાર અહી એક ઝાંખી પણ અહીં જોવાં મળી હતી તો બીજી તરફ ગરબા ની રમવાની ક્ષણ ને યાદગીરી રૂપે રાખવા માટે નુવાધન ને યાદગીરી રૂપે રાખવા માટે યુવાધન ને સહુ કોઈ સેલ્ફી લેતા નજરે પડી રહ્યાં હતા તો હવે નવરાત્રી ના આડે માત્ર બે દિવસ બાકી છે ત્યારે હાલતો ખૈલયાઓ મન મુકીને ગરબે ઘુમતા નજરે પડયા હતાં અને એક મીનીટ પણ બગાડવા માંગતા ના હોય તેમ વિવિધ થીમ અને ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબા ગાતાં જોવાં મળ્યા હતાં.

ધાનેરાના અંબાજી મંદિર ખાતે ગરબાની રમઝટ જામી : લોકો પણ મન મૂકીને ગરબે ઘૂમ્યા

ગાંધીનગર, તા. ૧૩ નવરાત્રી નું નામ સાંભળતા જ ખેલૈયો નો આનંદ બમણો થઈ જતો હોય છે ત્યારે લોકો પણ ખૂબ જ ઉત્સાહ સાથે નવરાત્રી ની રાહ જોઈને બેઠા હતા હતા નવરાત્રી શરૂ થઈ ત્યારથી ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘુમી રહ્યા છે ધાનેરાના અંબાજી મંદિર ખાતે અંબાજી યુવક મંડળ અને જયેશભાઈ સોલંકી દ્વારા અંબાજી મંદિર ચોકમાં ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં લોક ગાયક નીતિન બારોટ અને પૂનમ દરજી દ્વારા ગરબાની રમઝટ જમાવી હતી લોકો પણ ખૂબ જ ખુશીથી ગરબે ઘૂમ્યા હતા તો બીજી તરફ લોકો ને મનોરંજન પૂરું પાડનાર લોક ગાયક નીતિન બારોટ નું અંબાજી યુવક મંડળ તેમજ જયેશભાઈ સોલંકી દ્વારા સાફો પહેરાવી સન્માન પણ કરવામાં આવ્યું હતું લોકગાયક એ પણ આયોજકોનો આભાર માન્યો હતો.

મેઘરજ તાલુકામાં આઠમ નિમિત્તે હવન પૂજન કરી તાલુકાની સુખાકારી માટે પ્રાર્થના

મેઘરજ તા. ૧૩ મેઘરજ તાલુકામાં અલગ અલગ જગ્યાએ પવિત્ર નવરાત્રી ના સમયમાં આઠમનું હવન પૂજન વિધિ કરવામાં આવી હતી.તાલુકાના વડથલી, કમ્ભરોડા તેમજ ગેલી માતાજીના મંદિરે આઠમ નિમિત્તે માતાજીની સેવા અર્ચના અને પૂજન વિધિ કરી તાલુકાની સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવી હતી.મેઘરજ ગેલી માતાજી ના મંદિર ખાતે ધર્મેશભાઈ મહેતા, અતુલભાઈ ભટ્ટ સહીત આગેવાનોએ હાજર રહી તાલુકા ની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

ધનસુરા તાલુકાના લાખણેચી માતાજીના મંદિરે રબારી સમાજના વેબપોર્ટલનું વર્ચ્યુઅલ ઉદઘાટન

ધનસુરા,તા. ૧૩ અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકા માં આવેલ રબારી સમાજના કુળદેવી ના મંદિર શ્રી લાખણેચી માતાજી ના મંદિર ખાતે વેબપોર્ટલ નું વર્ચ્યુઅલ ઉદઘાટન કરવામાં આવ્યું હતુ શ્રી

લાખણેચી માતાજી લાખીયાધરા મંદિર ખાતે રબારી સમાજ ના પ્રથમ વેબપોર્ટલ નું વર્ચ્યુઅલ ઉદઘાટન કરવામાં આવ્યું હતુ અમરતભાઈ પ્રભાતભાઈ કનોડા વાળા ની પહેલ થકી સમાજ ની દીકરી પીનલબેન દેસાઇ ધ્વારા આ વેબપોર્ટલ બનાવવામાં આવ્યું હતુ તો લાખણેચી માતાજી ના ઈતિહાસ ની માહિતી રાજુભાઈ સુરપુરા એ તૈયાર કરી હતી અને ઘાંઘળ ગ્રંથ બુક વિજયભાઈ દેત્રોજ આમ સહુના સહકાર થી આ કાર્ય કરવામાં આવ્યું હતું આ પોર્ટલ માં સમાજ નો ઈતિહાસ, મંદિર ના કાર્યક્રમ ની અગાઉ થી જાણકારી , મંદિર ના કોન્ટેક્ટ ની વિગત આ ઉપરાંત મંદિર ના સમય ની વિગત આગળ ના સમય માં લાઈવ દર્શન પણ શરૂ કરવામાં આવશે આ તમામ બાબતો થી રબારી સમાજના લોકો ઘેર બેઠા તમામ વિગતો મેળવી શકશે આ કાર્યક્રમ માં લાખણેચી ઘાંઘળ રબારી સેવા સમાજ ટ્રસ્ટ લાખીયાધરા ના પ્રમુખ સાગરભાઈ દેસાઇ અને કાનજીભાઈ સુરપુરા અને ટ્રસ્ટીઓ ની સભા પણ મળી હતી જેમાં ટ્રસ્ટ ના કામકાજ ની ચર્ચા કરવામાં આવી હતી સાથે દેસાઈ મગનભાઈ ચેલાભાઈ આસેડા સુરત (ડુમસ) લાખણેચી પરિવાર ઉપપ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી તથા બીજા બે ટ્રસ્ટી ઓ શ્રી દેસાઈ સહદેવભાઈ જીવરાજભાઈ (બોરીયાવી) તથા દેસાઈ કાનજીભાઈ માલજીભાઈ સુરપુરા ને ટ્રસ્ટી ગણ માં સમાવેશ કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમ માં ટ્રસ્ટના પ્રમુખ તથા તમામ ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા ગેમરભાઈ દેસાઇ, ઈશ્વરભાઈ દેસાઇ (ધનસુરા), અમિતભાઈ દેસાઇ (ધનસુરા) સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેક્રેટરી શંભુભાઈ દેસાઇ દ્વારા કરવામાં આવ્યું હતું.

હિંમતનગરના ધનાઢ્ય પરિવારના ભાઈ-બહેન સંગાથે દીક્ષા અંગિકાર કરશે

હિંમતનગર, તા. ૧૩ જૈન ધર્મમાં દીક્ષા સર્વોપરી ગણાય છે ત્યારે હિંમતનગરના ધનાઢ્ય ભંડારી પરિવારના ભાઈ-બહેન સુરતમાં આગામી મહિને યોજાનારા સામૂહિક દીક્ષા સમારોહમાં દીક્ષા અંગિકાર કરીને વૈરાગ્યનો માર્ગ ગ્રહણ કરશે.

સુરત શહેરમાં આગામી ૨૯ નવેમ્બરે જૈન સમાજના ૭૪થી વધુ મુમુક્ષુરત્નો દીક્ષા ગ્રહણ કરીને સંયમના માર્ગે નીકળવાના છે. પૂજ્ય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય યોગતિલક સૂરિશ્વરજી મહારાજ, પૂજ્ય તપોરત્નસૂરિશ્વરજી મહારાજની નિશ્રામાં દીક્ષા સમારોહ યોજાવાનો છે. જેમાં હિંમતનગરના શ્રીમંત ભંડારી પરિવારના ભાઈ-બહેન પણ દીક્ષા લઈ સાધુ-સાધ્વી બનવા જઈ રહ્યા છે. ભાવેશ ગીરીશભાઈ ભંડારીની ૧૯ વર્ષીય દીકરી વિશ્વાકુમારી અને ૧૬ વર્ષીય ભવ્ય તમામ સુખ-વૈભવનૌ ત્યાગ કરીને સંયમનો માર્ગ અપનાવશે.

વિશ્વા નાનપણથી જ ધાર્મિક કાર્યક્રમોમાં ઉત્સાહથી ભાગ લેતી અને સાધ્વીજીઓની સેવામાં ખડેપગે રહેતી. તે સમયે તેણે અનુભવ્યું કે, વૈરાગ માર્ગમાં જેટલી શાંતિ છે, તેટલી સંસારમાં નથી. સાધુ ભગવંતોની સેવા દરમિયાન વિશ્વાને લાગ્યું કે, અહીં ન તો કોઈની નિંદાને સ્થાન છે, કે ના તો સ્વાર્થને. ભૌતિક સુવિધા વિના પણ સૌ કોઈ ખુશ છે. આવી જ લાગણીનો અનુભવ ભવ્યને થયો. ભવ્યને લાગ્યું કે, સંયમનો જ એક એવો માર્ગ છે જ્યાં પાપને સ્થાન નથી. સાંસારિક પ્રલોભનોને છોડીને સાદગીભર્યું જીવન જ શ્રેષ્ઠ છે, તેવું ભવ્ય દ્રઢપણે માને છે. તેથી જ બહેનની સાથે સાથે તેણે પણ વૈરાગ્યના રસ્તે ચાલવાનું નક્કી કર્યું છે.

બાયડ તાલુકાની રમાસ હાઈસ્કૂના વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ દિવાળી કાર્ડ બોર્ડર ઉપર મોકલાશે

બાયડ તા.૧૩ શ્રી સરસ્વતી વિદ્યાલય, રમાસ ના વિદ્યાર્થીઓ દ્વારા તેમના પ્રિન્સીપાલ શ્રી ઉમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ શ્રી વિજયભાઈ અને દિપકભાઈ પટેલ ના સહયોગથી શાળાના બાળકોએ તારીખ ૧૧ ઓક્ટોબરના રોજ ૪૦ થી પણ વધારે દિવાળી ગ્રેટીંગ કાર્ડ બનાવ્યા જેને આપણા દેશની બોર્ડર જેમનાથી સુરક્ષિત છે તેવા દેશના વીર જવાનોને દિવાળી નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવા ગ્રેટીંગ કાર્ડ બનાવી ને મોકલવામાં આવ્યા... આપણે સૌ દિવાળી અને નવા વર્ષની આતુરતાથી રાહ જોઈ

રહ્યા છીએ ત્યારે આપણા દેશના રીયલ હીરો એવા વીર જવાનો પોતાના વતન પરિવારથી દૂર બોર્ડર ઉપર દિવાળી ઉજવી રહ્યા છે ત્યારે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ૪૦ થી પણ વધારે ગ્રીટીંગ કાર્ડ બનાવવામાં આવ્યા અને બોમ્બે ખાતે આવેલી made સંસ્થા તેમજ ઈન્દ્રવદનભાઈ શાહ ના સહકાર થી આ ગ્રીટીંગ કાર્ડ ને બોર્ડર ઉપર સૈનિકોને મોકલવામાં આવશે આમ બાયડ તાલુકાની નાની અને છેવાડાની આ શાળા દ્વારા ખૂબ સુંદર અને પ્રેરણાદાયક કામ થઈ રહ્યું છે ત્યારે શાળાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષક મિત્રોને નવયુવક કેળવણી મંડળના ચેરમેન શ્રી કાન્તીભાઈ આર પટેલ , મંત્રી શ્રી સુનીલભાઈ પટેલ તેમજ પી.એમ.પટેલ એ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા

મોડાસાના દાવલી પંથકના ખેતરોમાં વીજળીના ધાંધિયા : ખેડૂતો, પશુપાલકોમાં ભભૂકતો રોષ

બાયડ(બ્યુરો ઓફીસ)તા.૧૩ વીજળીના સંકટ વચ્ચે મોડાસા તાલુકાના દાવલી પંથકના ખેતરોમાં વીજળીના રોજના ધાંધિયાથી પૂરતો પુરવઠો ન મળતાં ખેડૂતો અને પશુપાલકો રોષે ભરાયાં છે.

અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારમાં વીજતંત્રની લાલિયાવાડી ચાલી રહી છે.વીજ સમસ્યા સાથે હેલ્પરો શોધ્યા જડતા નથી ત્યારે મોડાસાના દાવલી પંથકમાં વીજ તંત્રની કથળતી સેવાઓ થી આક્રોશ ફેલાયો છે.આ વિસ્તારના ખેડૂત વાસુ રાજે આક્રોશ પૂર્વક જણાવ્યું છે કે દાવલી પંથકના ખેડૂતોને લાલપુર ફિડરમથી વીજપુરવઠો આપવામાં આવી રહ્યો છે પણ વર્તમાન ખેતીની સિઝનમાં ગમે ત્યારે વીજપુરવઠો ખોરવાઈ જતો હોય છે.કલાકો સુધી વીજળી ના અભાવે મૂંગા પશુઓ માટે હવાડા ભરી શકતા નથી જેથી પાણી વગર પશુ તરસ્યા રહે તેવી સ્થિતિ ઊભી થઈ છે.આ વિસ્તારમાં ૨૦ થી વધુ પરિવારો ખેતરમાં વસવાટ કરે છે જેથી વીજપુરવઠો ખોરવાય એ સમયે જંગલી પ્રાણીઓનો ભય સતાવતો હોય છે.ગામ માં વીજતંત્ર દ્વારા મુકવામાં આવેલ હેલ્પર શોધ્યા જડતા નથી જયારે અધિકારીઓ પણ યોગ્ય જવાબ આપતા ન હોવાથી વીજતંત્ર સામે પ્રજા,ખેડૂત અને પશુપાલકો માં રોષ ચરમસીમાએ પહોંચ્યો છે.

જન્મદિને વધામણી

સંસ્કારભાઈ સી. બ્રહભટ્ટ
બાયડ

વિજય પી.પટેલ
બાયડ (થવાદ લાટ)

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

બાયડ પોલીસની નિષ્ક્રિયતાથી પશુ - વાહન ચોરો સક્રિય

પશુ ચોરી - વાહન ચોરીના બનાવોમાં વધારો

બાયડ(બ્યુરો ઓફીસ) તા.૧૩ બાયડ પોલીસની નિષ્ક્રિયતાથી પશુ તસ્કર અને વાહન ચોર સક્રિય થયા છે. ડેમાઈ ગામની સીમમાં તબેલામાંથી ત્રણ પશુ અને બાયડ ના એક કોમ્પલેક્ષ આગળથી બાઈક ચોરાઈ જતાં પોલીસ દોડતી થઈ છે.

પોલીસની ધાક ઓસરતી જાય છે. ગંભીર ગુના નોંધાયા પછી પણ તપાસમાં કશું પોલીસ ઉકાળતી નથી જેથી પશુ તેમજ વાહન ચોરોને છુટ્ટો દોર મળી ગયો છે. બાયડ તાલુકાના ડેમાઈમાં રાત્રીના સમયે પશુપાલક જીજ્ઞેશ બાબુભાઈ પટેલ ના તબેલામાં ત્રાટકી પશુ તસ્કર રૂ.૧ લાખથી વધુની કિંમતના ત્રણ પશુ ચોરી જતાં પશુપાલકો રોષે ભરાયાં છે.જયારે બીજા બનાવમાં વાહનચોર પોલીસ માટે પડકાર બન્યા છે જેમાં બાયડ ના સી. એ.પટેલ કોમ્પલેક્ષ આગળથી વાહનચોર કપડવંજના અંતિસર ના રવિકુમાર નું રૂ.૨૫૦,૦૦૦ ની કિંમતનું બાઈક ચોરી ફરાર થઈ જતાં પોલીસ ફરિયાદ થઈ છે.તહેવારો સમયે પશુ તસ્કર અને વાહનચોર ટોળકી એ તરખાટ મચાવતાં પોલીસની નબળી કામગીરી ઉજાગર થઈ છે.

પાલનપુર : ગરબામાં યૌવન હિલોળે ચડ્યું....

માં જગત જનની જગદંબાના નવલી નવરાત મા મહામારી કોરોનાના બે વર્ષ બાદ રાજ્ય સરકાર તરફથી ગરબાઓની ઉજવણી કરવા છૂટ આપવામાં આવતા કોરોના ગાઈડલાઈન અનુસાર બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર શહેર ડીસા ધાનેરા અંબાજી વડગામ પાથાવાડા વાવ થરાદ થરા શિહોરી દિયોદર કાણોદર છાપી મગરવાડા સહિત સર્વત્ર જિલ્લામાં ગરબાના ખેલૈયાઓ માં નવરાત્રિમાં માની આરાધના સાથે ગરબામાં ભારે થનગનાટ સાથે યૌવન હિલોળે ચડ્યું છે. પાલનપુરના જાહેર વિસ્તારો હાઈવે ની સોસાયટી અને શહેરના શેરી મહોલ્લાઓ માં ગરબાની રમઝટ જામી છે માની આરાધના આરતી સ્તુતિ પૂજા સાથે ખેલૈયાઓને પ્રસાદ અને મોડી રાત્રે નાસ્તો કરી આનંદ લૂંટી રહ્યા છે આમ ભક્તો મા ના ગરબામાં તલ્લીન બની નવરાત્રિની રંગેચંગે ઉજવણી કરી રહ્યા છે. શહેરના અંબાજી મંદિર કોલેજ કમ્પાઉન્ડ ભાગ્યોદય સોસાયટી બ્રિજેશ્વર કોલોની મોટી બજાર ત્રણ બત્તી બેચરપુરા લક્ષ્મીપુરા ગણેશપુરા કમાલપુરા સરકારી વસાહત શહીદ આબુ હાઈવે ની સોસાયટીઓ અમદાવાદ હાઈવે ની સોસાયટીઓ અને ડીસા હાઈવે ની સોસાયટી અને અંબાજી હાઈવેની સોસાયટીઓમાં ગરબાની રમઝટ પુરબહારમાં જામી છે.